સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

મોટા નાણાકીય વ્યવહારે જ મળે છે ટિકિટ,
મોટા રાજકીય મગરમચ્છ ગળે છે ટિકિટ!
રડે છે ટિકિટ, વય, અનુભવને વિદ્વતા છતાં -
કરોડપતિની કાબેલિયતને મળે છે ટિકિટ...
(શ્રી જયનારાયમજી, ભજો નારાયણ)

હાઈકુ

ટૂંપાય ગળું
બહુમત દોરડે
ન્યાય - નીતિનું...

જ્ઞાતિ - સમાજ
મૂકી દે સામસામા -
તોડ ને ફોડ!

ચિંતન

વ્રતેન દિક્ષામાપ્નોતિ દિક્ષયાપ્નોતિ દક્ષિણામ્ ।
દક્ષિણા શ્રદ્ધામાપ્નોતિ શ્રદ્ધયા સત્યમાપ્યતે ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

વ્રત ધારણ કરવાથી મનુષ્યને શ્રેષ્ઠ અધિકાર તથા યોગ્યતાની પ્રાપ્તિ થાય છે. તેનાથી મનુષ્યોનો આદર સત્કાર વધી જાય છે. સન્માન પ્રાપ્ત થવાથી સત્કર્મો પ્રત્યે શ્રદ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન થાય છે. સંસારમાં બધા વિદ્વાનો, વિચારકો, સંતો તથા મહાત્માઓએ સત્યના અપાર મહિમાનાં વખાણ કર્યા છે. સત્ય જ ધર્મ, તપ, યોગ અને સનાતન બ્રહ્મ છે. સત્યનું આચરણ જ શ્રેષ્ઠ યજ્ઞ છે. સમગ્ર વિશ્વ સત્ય પર આધારિત છે, ધર્મ પણ સત્યના પાયા પર સ્થપાયેલો છે. સંસારની બધી શક્તિઓનું કેન્દ્ર જો મેળવવું હોય તો આપણે સત્યનો આશરો લેવો પડશે, સત્યની ઉપાસના કરવી પડશે, સત્યને મેળવવા માટે વ્રત, દીક્ષા, દક્ષિણા અને શ્રદ્ધાનાં ચાર સોપાનો પાર કરવા પડશે. સત્ય આચરણ જ આપણા ચારિત્ર્યની પ્રાણશક્તિ છે. સત્ય એટલે સર્વશક્તિમાન પરમાત્મા. સત્યના આચરણથી જ પરમ સત્યરૂપ પરમાત્મા પ્રાપ્ત થાય છે.

સુવિચાર

- જે ત્યાગથી અભિમાન આવે, તે ત્યાગ નથી, ત્યાગથી શાંતિ મળવી જોઈએ, અભિમાનનો ત્યાગ જ સાચો ત્યાગ છે - **વિનોબા ભાવે**
- જે વ્યક્તિ દુઃખોનો સામનો કરવાથી ડરે છે તેણે સુખની આશા રાખવી નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈના પ્રભાવથી ન મળે એટલું આપણા સ્વભાવથી મળે... જો એને સુધારીએ તો... - **ચંદુલાલ સેલારકા**
- 'તક' તકદીરથી મળે છે, તકરારમાં ગુમાવશો નહિ - **રોહિત શાહ**
- વ્યક્તિ અરીસામાં સુંદરતા જોવા માંગે છે, સત્ય નહીં - **શ્રીલંક કહેવત**
- મને આ 'શ્રેષ્ઠ, મહાન, સુપરસ્ટાર વિગેરે વિશેષણો નથી ગમતા... બસ હું તો મારું કામ સારી રીતે કરવામાં માનું છું' - **અમિતાભ બચ્ચન**
- આજનું ઔષધ : રાઈને વાટીને સાકરની ચાસણીમાં મેળવીને ખાવાથી શરદીમાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુણાતીતાનંદજી ગિરનારની તળેટીની પાસે આવેલા ખેતરોમાં હરિ ભક્તોને લઈને જતાં, અને ખેડૂતને મદદ કરતા. ખેતરમાંથી કાંટા વીણી આપે. વધારાનું ઘાસ કાપી આપે. વાડ સરખી કરી આપે. એકવાર. લોધિકાના નરેસ દરબાર અભેસિંહ એમના લાવ લશ્કર સાથે ગુણાતીતાનંદ સ્વામીને મળવા મંદિરે પહોંચ્યા ત્યારે ખબર પડી કે સ્વામી તો બાજુના ખેતરમાં શ્રમદાન કરવા ગયા છે. અભેસિંહ ખેતરમાં પહોંચ્યા. અને જેવા દંડવત પ્રણાણ કરવા જતા હતા ત્યાં એમના સાથીદારે કહ્યું, 'બાપુ જાળવજો. અહીં કાંટા છે અને આપણને વાગશે.' ગુણતાતીનંદે દૂરથી હાથ જોડી આશીર્વાદ આપતા કહ્યું, 'દરબાર મુંઝાવમાં આપના જયસ્વામિનારાયણ અમને પહોંચી ગયા છે.' મંદિરે પાછા વળ્યા ત્યારે ગુણાતીતાનંદે કહ્યું, 'એ ખેતરના કાંટા કદાચ વાગત તો સોયથી કાઢી શકાય... પણ બજારના કાંટા વાગે તો શું થાત ?' અભેસિંહે કહ્યું, 'સ્વામી મને ખબર ન પડી. આપ બજારના કાંટાનું શું કહેવા માંગો છો જરા મને સમજાય તેવી સ્પષ્ટતા કરશો.' ગુણાતીતાનંદજીએ કહ્યું, 'બાપુ, બજારના કાંટાનું ઝેટ તો એવું છે કે જે કોઈનાથી ન ઉતરે. બજારમાં જાવ ત્યારે જાતજાતના કાંટા ઠેરઠેર વેરાયેલા પડ્યા હોય છે, ક્યાંક રૂપનો કાંટો તમને દેખાય, એ કાંટો આંખમાં વાગે, કોઈ જગ્યાએ પાપ થતું હોય તો એ ચામડીનો કાંટો, સ્વાદનો કાંટો હોય તો જીભને વાગે. ક્યાંક ગાન-તાનનો કાંટો હોય જે કાનમાં વાગે. આપ બજારમાં તમને કેટલાંય કાંટા વાગે એ કેમ કાઢશો ?' મોટા મોટા પંડિતો એ કાંટાને પારકી શકતા નથી તો કાઢી તો ક્યાંથી શકે ? અભેસિંઘને ગુણાતીતાનંદ સ્વામીની માર્મિક વાણીનો અર્થ સમજાયો.

મૌલાનાઓના ફતવા સામે વિદ્રોહ

તંત્રીસ્થાનેથી...

બશીરહાટ સંસદીય ક્ષેત્રમાંથી તૃણમૂલ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટાયેલાં સાંસદ નુસરત જહાં પાર્લામેન્ટમાં ભારતીય હિંદુ મહિલા જેવો વેશ પરિધાન કરીને આવ્યાં એથી દેવબંધના મૌલવીએ એને મુસ્લિમ ગણવાનો ઈનકાર કરી દીધો છે. નુસરત જહાંએ બિનમુસ્લિમ સાથે લગ્ન કર્યા છે અને બિન મુસ્લિમ વસ્ત્ર પરિધાન કરેલ છે. કપાળે ચાંદલો અને સેંથામાં સિંદૂર પૂર્યું છે અને ગળામાં મંગળસૂત્ર ધારણ કર્યું છે એટલે એવા લગ્નને મૌલવીએ લગ્ન ગણવાની તેમજ અભિનેત્રીમાંથી સાંસદ બનેલાં નુસરત જહાંને મુસલમાન માનવાનો ઈનકાર કરી દીધો છે. મમતા બેનરજીએ બંગાળી ફિલ્મોની આ અભિનેત્રીને પાર્ટીની ટિકિટ આપી અને બહુ નાની વયે નુસરત જહાં સાંસદ બની ગયાં. એમણે કપાળે ચાંદલો, સેંથામાં સિંદૂર તથા લગ્નના પ્રતીક અલંકાર તરીકે મંગળસૂત્ર ધારણ કરીને તથા આદર્શ હિંદુ મહિલાના પરિધાન સમી સાડી પહેરીને સંસદમાં લોકસભાનાં સદસ્ય તરીકે સોગંધ લીધા એથી ઘણા કટ્ટર અને રૂઢિચુસ્ત મુસ્લિમોને પેટમાં તેલ રેડાયું. તકલીફ એ છે કે ભારતમાં રહીને ભારતીય વેશપરિધાનને જ આવાં તત્ત્વો સુગાળવી નજરે જોતાં હોય છે. દેવબંધના મૌલવીની ટીકાથી નુસરત જહાં લેશ પણ વિચલિત નથી થયાં. ઊલટાનું એમણે સામેથી નિવેદન કરીને રોકડું પકખાવી દીધું કે મારો ધર્મ મને આવી સંકુચિત વિચારસરણીને વશ થવાનું કે ધર્મ-ધર્મ વચ્ચે ભેદભાવ ઊભો કરવાનું નથી શીખવતો. હું મુસ્લિમ છું એટલે છું જ. એ માટે મારે કોઈના પ્રમાણપત્રની જરૂર નથી. સાંસદ મહિલાની આવી બેબાક રજૂઆત આધુનિક મુસ્લિમ મહિલાઓના મનની વાતનું જ પ્રતિબિંબ છે. મૌલવીઓના ફતવાઓને આ નવી પેઢી હવે સ્વીકારવાની નથી એનો આ આગોતરો અણસાર છે. ટ્રિપલ તલાકની ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ વાળી સરકારની રાજનીતિ સામે મૌન ધારણ કરનાર મુસ્લિમ સમાજની મહિલાઓ કે મુસ્લિમ વોટબેંકની ચિંતા સેવતી રાજકીય પાર્ટીઓ સામે પણ અભિનેત્રીમાંથી નેત્રી બનેલી યુવાન મુસ્લિમ મહિલાની આ જોરદાર લપડાક છે. ભારતીય પરિધાન સામે સુગાળવી નજરે જોનારાં મુલ્લાં - મૌલવીઓની ચુંગાલમાંથી નવી પેઢીની મુસ્લિમ મહિલાઓ હવે છૂટવા કૃતસંકલ્પ છે. ઉર્દૂ ભાષાને પણ ઈસ્લામિક ઓળખ આપી દઈ ભારતીય તળભૂમિમાંથી પ્રગટેલી આ ભવ્ય અને સાંસ્કૃતિક ભાષાને ભારતીય સમાજથી વેગળી કરી મૂકી છે. બાંગ્લાદેશની રચના જ મૂળે માતૃભાષા પ્રત્યેના સમર્પણભાવથી થયેલ છે. બાંગ્લા ભાષા માટે મમતા બેનરજીએ મા, માટી, માનુષ જેટલો જ સદ્ભાવ દાખવી પશ્ચિમ બંગાળનું નેતૃત્વ હાંસલ કરેલ છે. મેધાવી મુસ્લિમ મહિલાને મોકલીને મમતા બેનરજીએ ખરેખર દેશના લઘુમતી સમાજને નવી દિશા ચીંધી છે.

ભાડા કરાર અંગે સમજુતી

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ઘણા લોકો પોતાની મીલ્કત ભાડા ઉપર આપી ગુજરાન ચલાવતા હોય છે એના માટે ભાડા કરાર કરવામાં આવે છે. ગુજરાતના બધા જ શહેરોમાં હવેથી ફરજીયાત ૧૧ મહિના અને ૨૯ દિવસનો ભાડા કરાર કરવામાં આવે છે. ભાડા કરાર કરવાના ઘણા જ ફાયદા છે. ભાડા કરાર કરવાથી મકાન માલીક ઉપર ભાડુઆત અપકૃત્ય બદલ કોઈ જ કાયદાકિય કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવતી નથી. અપકૃત્ય માટે માત્ર ભાડુઆત જ જવાબદાર ઠરે છે.

ઘણા લોકો આળસમાં અગરતો ખર્ચના કારણે ભાડા કરાર કરાવતા નથી અને વિશ્વાસ ઉપર પોતાની કરોડોની મીલ્કત અજાણ્યા માણસોના હાથમાં સોંપે છે. પરિણામે મીલ્કત ગુમાવવાનો વારો આવે છે. અગર તો કોર્ટ કચેરીના ધક્કા અને ખર્ચના ખાડામાં ઉતરી જાય છે.

૧૧ મહિનાનો જ ભાડા કરાર કરવામાં આવે અને મીલ્કત કે બીજી કોઈ વસ્તુ ભાડે રાખવી હોય તો ભાડા કરાર રીન્યુ કરવામાં આવે છે.

અંગ્રેજીમાં ભાડા કરારને લીઝ એગ્રીમેન્ટ કે રેન્ટ એગ્રીમેન્ટના નામે ઓળખાવામાં આવે છે. આ કરાર મીલ્કતના માલીક અને ભાડુઆત બન્ને વચ્ચે થયેલો લેખીત કરાર હોય છે. આ કરારમાં મીલ્કત સાથે જોડાયેલ બધા નીતિ નિયમો લખેલા હોય છે. જેમાં મીલ્કતનું સરનામું, દરે માસે કેટલી રકમ ભાડા તરીકે મેળવશે, ડિપોઝીટની રકમ કેટલી ? મીલ્કતના વેરા કોણ ભરશે? મીલ્કત કયા કામ માટે ભાડે કેટલા સમય માટે આપવામાં આવે છે? વિગેરે વિગતો તથા શરતો લખવામાં આવે છે. જો મીલ્કતમાં કોઈ બદલાવ કરવામાં આવે તો કેટલો ખર્ચ કોણ કરશે અને કેવી રીતે મજરે આપવાનો રહેશે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ના આધારે લીઝ એગ્રીમેન્ટ જો ૧૨ મહિના કરતા વધારે સમયનો હોય તો તેનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. કોઈપણ કરાર રજીસ્ટ્રેશન કરતી વખતે સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ફી ભરવાની થાય છે. આ ફીથી બચવા લોકો ૧૧ મહિના ૨૯ દિવસનો ભાડા કરાર કરે છે.

રેન્ટ રેગ્રીમેન્ટને લીઝ એગ્રીમેન્ટના નામે પણ ઓળખાય છે.આ મીલ્કત ઓનર અને ભાડુઆત વચ્ચેનો લેખીત કરાર છે તેમાં મીલ્કત સાથે જોડાયેલી શરતો અને બોલીઓ લખવામાં આવે છે જેમ કે મીલ્કતનું વર્ણન, ચોરસ ફુડ, માસીક ભાડુ, મેન્ટેનન્સની વિગત શા માટે ભાડે આપવામાં આવે છે તે હેતુ તેની સમય મર્યાદા તથા શરતો, ભાડાની વિગત, ડિપોઝીટની રકમની વિગત વિગેરે નિયમો, શરતો બન્ને પક્ષકારને અનુકુળ હોય તેવી રીતે લીઝ એગ્રીમેન્ટ કરવામાં આવે છે. આ એગ્રીમેન્ટનું પોલીસ વેરીફીકેશન તથા રજીસ્ટ્રેશન ફરજીયાત છે. જેથી પર પ્રાંતના લોકો દ્વારા આચરવામાં આવતા ગુન્હાઓ પોલીસ ઉકેલી શકે તથા કાયદાકિય ગુંચ ઉપસ્થિત થાય તો તેનો નિકાલ સુલેહ વિગેરે પોલીસ દ્વારા કરાવી શકાય. ભાડા કરાર પોલીસ સ્ટેશને ના નોંધવામાં આવતા જાહેરનામા ભંગ બદલ પોલીસ પગલા લઈ અટકાયત કરી શકે છે.

લીઝ એગ્રીમેન્ટના પાંચ વર્ષના કરારની રજીસ્ટ્રેશન ફી કુલ કિંમતના ૨ ટકા જેટલી ભરવાની થાય છે તથા રજીસ્ટ્રેશન રૂા.૧૦૦/- ભરવાની થાય છે. લીઝ પાંચ વર્ષથી વધારે અને ૧૦ વર્ષથી ઓછી હોય તો કુલ કિંમતના ૩ ટકા રજીસ્ટ્રેશન ફી ભરવાની થાય છે. એટલીજ ફી એન્યુઅલ ના લાગે છે એટલે ખર્ચ બચાવવા માટે મીલ્કતના માલીક અને ભાડુઆત એકબીજા સાથે કરાર રજીસ્ટ્રેશન કરાવતા નથી પરંતુ રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ભાડા કરાર નોટરી રૂબરૂ રજીસ્ટ્રેશન કરાવવાનો રીવાજ પ્રચલીત છે.

જો ભાડુઆત નિયમ મુદતમાં મીલ્કત ખાલી ના કરે તો મકાન માલીક સદરહુ મીલ્કત પોતાને જરૂરી તથા ઉપયોગી છે તેવું કારણ દર્શાવી કબજો મેળવવાનો દાવો સીવીલ કોર્ટમાં કરી શકે છે. કોર્ટને યોગ્ય લાગે તો કબજો મકાન માલીકને પરત સોંપવાનો હુકમ કરી શકે છે પરંતુ મકાન માલીક ગેરકાયદેસર રીતે બળજબરીથી ભાડુઆતનો કબજો ખાલી કરાવી શકતો નથી. ભાડુઆત સ્ટાન્ડર રેન્ટ માટે કોર્ટમાં દાદ માંગી કબજાનું રક્ષણ મેળવી શકે છે ત્યારબાદ કોર્ટ યોગ્ય વ્યાજબી કારણોની નોંધ લઈ પુરાવા લઈ યોગ્ય હુકમ કરી શકે છે.

અંદરથી જાગો ત્યારે જ... સાચી સવાર થાય છે

તારી લપડાકમાં જ ધાક નથી,
મારી આદતનો કોઈ વાંક નથી.
ક્યારના આમ કેમ બેઠા છો ?
તમને આરામનો ય થાક નથી.

- ગૌરાંગ ઠાકર

- ગાંધીજીએ પોતાના એક જીવન દરમિયાન અનેક જીવનોનાં કાર્ય પતાવ્યાં. ભારત જેવા વિશાળ દેશને બ્રિટિશ સલ્તનતની નાગચૂડમાંથી છૂટવામાં મદદ કરી, ભારતની સ્ત્રીઓને જાણે જાદુથી ન હોય એમ પુરુષોની હરોળમાં મૂકી દીધી, અને અણુશસ્ત્રોથી ત્રાસેલા જગતને આત્મબળનું હથિયાર આપ્યું. એમણે ભારતને સ્વરાજનો એક નકશો પણ આપ્યો હતો, જેને આજે આપણે વિસારે નાખ્યો છે. પણ એમનાં આ બધાં મોટાં ને મહત્ત્વનાં કાર્યોને બદલે એમના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશે જ બે વાત કહેવા માંગુ છું.

ગાંધીજી સાચા અર્થમાં લોકનેતા હતા. તેઓ લોકોને દોરતા હતા, લોકોથી દોરાતા નહોતા. આપણા જીવનમાં એમણે કેટલીક ઊણપો જોઈ હતી અને એમના ઈંગ્લેન્ડવાસે એ બધીનું એમને તીવ્ર ભાન કરાવ્યું હતું. તે ઉપરથી એમને પ્રચંડ પુરુષાર્થપૂર્વક પોતાના જીવનમાંથી એ ઊણપોને દૂર કરી નવી ટેવો પાડી હતી. અને આપણી આખી પ્રજામાં તેને વ્યાપક બનાવવા તેઓ જીવનભર મથ્યા હતા. એ માટે એમણે આવા કેટલાક આગ્રહો ઉપર ખૂબ ભાર મૂક્યો હતો :

૧. આવો પહેલો આગ્રહ સમયપાલનનો. આપણા દેશમાં કોઈ સભાનું કામ જાહેર કરેલે સમયે ભાગ્યે જ શરૂ થતું. આજે પણ હંમેશા થાય છે, એમ નથી. સેંકડો કે હજારો માણસોનો સમય બગડે, એની જાણે આપણને કિંમત જ નથી. પણ ગાંધીજી આ બાબતમાં ખૂબ ચાનક રાખતા હતા. જે સમય જાહેર થયો હોય તે સમયે કાર્ય શરૂ થવું જ જોઈએ, એવો એમનો આગ્રહ રહેતો. ગોધરામાં અંત્યજ પરિષદ મળી ત્યારે લોકમાન્ય તિલક અર્ધો કલાક મોડા આવ્યા હતા. તે જ વખતે ગાંધીજીએ કહ્યું કે, સ્વરાજ અર્ધો કલાક મોડું થયું !

સમયપાલનનો એક બીજો અર્થ પણ થાય છે. અને તે એ કે નીમેલે વખતે નીમેલું કામ કરવું. અમુક વખતે ઊઠવું, અમુક વખતે ફરવા જવું, અમુક વખતે ઉપાસના કરવી, અમુક વખતે ભોજન લેવુ, અમુક વખતે મુલાકાત આપવી વગેરે. આ બધું એ ખૂબ કાળજીપૂર્વક પાળતા. જેને જે વખતે મુલાકાતનો સમય આપ્યો હોય તેને તે વખતે અંદર બોલાવતા, અને સમયપૂરો થતાં ઘડિયાળ બતાવતાં. આટલા બધા કામગરા હતા છતાં એમને કદી ઉપાસના કે ફરવાનું છોડ્યું હોય એવું બન્યું નથી. વિલાયત ગયા હતા ત્યારે ત્યાંથી ઠંડી અને ધુમ્મસમાં પણ એ ફરવા નીકળતા હતા. એને એ શરીર પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. જે શરીર પાસે આપણે કામ લેવાનું છે, તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક એવો વ્યાયામ એને આપવો જ જોઈએ.

૨ . એમનો એક આગ્રહ સ્વચ્છતા વિશેનો હતો. અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે, પણ સામૂહિક જીવનમાં એ જોવા મળતી નથી. આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝ્યા. એમણે સ્વચ્છ જીવનને કેવળ ઉપદેશ જ ન કર્યો, એના દાખલા પૂરા પાડ્યા. પાયખાનાં અને મૂતરડીઓ, રસોડાં અને ખાતરના ખાડા કેવાં હોય અને કેમ સ્વચ્છ રખાય એ એમને પ્રત્યક્ષ કરી બતાવ્યું. જાજરુની સફાઈને એમને સંસ્થાની કસોટી બનાવી મૂકી.

૩. એ પછી સાદાઈ અને કરકસર આવે. ગાંધીજીએ પોતાને ગરીબ ભારતના પ્રતિનિધિ માનેલા, એટલે એમને પૂરી સાદાઈથી જીવન વિતાવ્યું. વિલાયત જવા ઊપડ્યા ત્યારે સાથે મહાદેવભાઈ, પ્યારેલાલ, દેવદાસ વગેરેએ ચામડાની બેગો ભરીને સામાન લીધો હતો. સ્ટીમર ઊપડ્યા પછી ગાંધીજીએ જડતી શરૂ કરી. અને જે પુણ્યપ્રકોપના લાવાનો ધોધ વહેવડાવ્યો, તે આ બધાનાં આંસુથી પણ છર્યો નહિ. એડનથી વધારાની બધી ટ્રંકો અને વધારાનો સામાન પાછો દેશ મોકલ્યો ત્યારે જ જંપ્યા. 'હું ભારતનાં દીનજનોનો પ્રતિનિધિ. મારા મંત્રીને કાગળ રાખવા ચામડાની બેગ શા સારું જોઈએ ? ખાદીની થેલી કેમ ન ચાલે ?' વગેરે વગેરે. યરવડા જેલમાં સરદાર વલ્લભભાઈ ગાંધીજી માટે ખજૂર ધોઈને તૈયાર કરતા હતા. પંદર પેશી લેવાનો નિયમ હતો. વલ્લભભાઈ કોઈ વાર સત્તર સરકાવી દેતા, તો ઠપકો સાંભળવો પડતો. પોતા પર આવેલા પત્રોની પાછલી કોરી બાજુનો ઉપયોગ કરતા.

પણ જયાં જરૂર હોય ત્યાં હજારો વાપરતાં પણ એ અચકાતાં નહિ. એક વાર બંગાળના પ્રાંતિક પરિષદમાં હાજર રહેવાનું એમને દેશબંધુ દાસને વચન આપ્યું હતું,તે પાળવા સ્પેશિયલ ટ્રેન જોડાવીને પણ ગયા હતા. 'યંગ ઈન્ડિયા' કે 'હરિજન' માટે ઘણી વાર આખા લેખોના લેખો તારથી મોકલતા. એ એમને ઉડાઉપણું નહોતું લાગતું.

૪. એની સાથે હિસાબની ચોક્સાઈ પણ સંકળાયેલી છે. જાહેર નાણાંની પાઈએ પાઈ જે હેતુ માટે આવી હોય તે હેતુ માટે જ અને કરકસરપૂર્વક વપરાય, એ વિશે એમનો આગ્રહ જાણીતો છે. પોતે દ. આફ્રિકાથી જયારે પ્રતિનિધિમંડળ તરીકે વિલાયત ગયા હતા,ત્યારની તેમની હિસાબની નોંધમાં ઘોડાગાડીનો, છાપાંનો, ચાનાસ્તાનો, ટપાલનો એવો ઝીણો ઝીણો ખર્ચ પણ વિગતે નોંધેલો છે. પરચૂરણ ખર્ચ જેવું કોઈ ખાતું જ એમાં નથી. તદ્દન નજીવી રકમ માટે એમને કસ્તૂરબાને પણ 'નવજીવન'ને પાને ચડાવ્યાં હતા.

૫. ગમે એટલું નાનું કામ કે માણસ એમને મન નાનું નહોતું. પોતે સદાય દેશમાં મોટાં મોટાં કામોમાં રોકાયેલા રહેતા હતા, છતાં પોતાના નાનામાં નાના માણસની કે કામની એમણે કદી ઉપેક્ષા કરી નથી. વાઈસરોયને જવાબ લખાવીને તરત જ બીજો પત્ર તેઓ કોઈ દૂર પડેલા સાથીને મેથીની ભાજી ખાય કે મગ એ વિશે સલાહ આપતો પણ લખાવતા. ઘણી વાર કોંગ્રેસ કારોબારીની સભામાંથી થોડી મિનિટ કાઢીને કોઈ દરદીને એનિમા આપવા ચાલ્યા જતા.

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

૬. તોલ્સ્તોયની એક વાર્તા છે : ત્રણ પ્રશ્નો. તેમાં પ્રશ્ને એવા છે કે સૌથી મહત્વની ક્ષણ કઈ? સૌથી મહત્ત્વનું કામ કયું? અને સૌથી મહત્ત્વનું માણસ કયું ? જવાબ એ છે કે ચાલુ ક્ષણ એ જ સૌથી મહત્વની, હાથમાં હોય એ કામ જ સૌથી મહત્ત્વનું, અને સામે હોય એ માણસ જ સૌથી મહત્ત્વનો.

ગાંધીજીએ પોતાના જીવનમાં સૌથી પહેલું જાહેર કામ કર્યું હતું ? દ. આફ્રિકામાં ત્રણ ભારતીયો - એક હજામ, એક હાટડીવાળો અને એક કારકુનને અંગ્રેજી શીખવવાનું માથે લીધું, એ એમનું પહેલું જાહેર કામ કહેવાય - અને તે પણ બેરિસ્ટર નવરો એ પેલાઓને ઘેર જઈને શીખવે. તેઓ જયારે કલકત્તા કોંગ્રેસમાં ગયા ત્યારે તે દ. આફ્રિકાના આગેવાન થઈ ચૂક્યા હતા, છતાં એમણે કોંગ્રેસ કચેરીમાં જઈ પૂછ્યું કે 'મારે લાયક કંઈ કામ હોય તો આપો. નકલ કરવી, પત્ર લખવા, જે હશે તે કરવા હું તૈયાર છું.' આપણે કોઈ મહત્ત્વની ક્ષણની, મહત્ત્વના કાર્યની અને મહત્ત્વના માણસની રાહ જોઈને બેસી રહીએ છીએ, અને જીવન પૂરું થઈ જાય છે. ગાંધીજીએ જયારે જે કામ આવી પડ્યું ત્યારે તે ઉપાડી લીધું અને તેમાં પોતાનો સમગ્ર પ્રાણ રેડ્યો.

૭. માનવ પ્રેમ એમના જીવનના પાયામાં હતો, ગાંધીજીની વિચારણામાં માનવ કેન્દ્રમાં હતો. સંતતિનિયમનનાં સાધનોનો એમનો વિરોધ ખૂબ જાણીતો છે. એ વિશે પુષ્કળ માથાઝીક કર્યા છતાં શ્રીમતી માર્ગારેટ સેંગર એમની સંમતિ મેળવી શક્યાં નહોતાં. તેમ છતાં 'મહાદેવભાની ડાયરી' ઉપરથી આપણે જાણીએ છી કે અમુક માણસની બાબતમાં એમને વંધ્યીકરણ, ગર્ભનિરોધનનાં સાધનોનો ઉપયોગ પણ હિતકર માન્યો હતો. પોતે ચા-કોફી પીતા નહોતાં, છતાં થાકેલા મહાદેવભાઈ માટે ચા કે માંદા રાઘવન માટે કૉફી જાતે બનાવતા એમને આપણે જોઈએ છીએ. એટલું જ નહિ, પોતે માંસાહારના વિરોધી હતા, માણસ માટે એ આવશ્યક કે યોગ્ય નથી એમ માનવા હતા, છતાં અબ્દુલ ગફારખાંનનાં બાળકો માટે આશ્રમમાં આમિશ વાનીઓ કરાવવા એ તૈયાર થયા હતા. સિદ્ધાંત જડતા એમનામાં નહોતી.

અહીં મને અમેરિકન પાદરી શ્રી મોટની ગાંધીજીની વાતચીત યાદ આવે છે. એ પાદરીએ પૂછ્યું હતું કે 'તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ હોય છે કે, માનવ પ્રત્યેનો પ્રેમ હોય છે?' ત્યારે ગાંધીજીએ કહ્યું હતું : 'મારી સેવા પાછળ માનવ પ્રત્યેનો પ્રેમ જ હોય છે. જો હું માનવીની સેવા ન કરી શકું, તો કેવળ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ તો નિષ્પ્રાય છે.'

- નગીનદાસ પારેખ

Last Seen :
અંદરથી જાગો ત્યારે જ...
સાચી સવાર થાય છે.
બાકી તો રોજ રાત પછી...
એક સવાર થાય જ છે...

- nehalgadhavi101@gmail.com

કાશ્મીર કોકડું ઉકેલવાની પહેલ આવકાર્ય,પણ નેહરુની ભાંડણલીલા થકી ઉકેલ ના મળે

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે જમ્મૂ-કાશ્મીરની બે દિવસની મુલાકાત લઈને કાશ્મીર કોકડું ઉકેલવાની દિશામાં પહેલ આદરવાને પ્રાથમિકતાની કરેલી ઘોષણાને જરૂર આવકારીએ. સાથે જ વર્ષ ૨૦૦૬થી અલગતાવાદી હુર્રિયત સાથે મંત્રણા થઈ નથી, એ શરૂ થાય એ દિશામાં રાજ્યપાલ સત્ય પાલ મલિકે આદરેલા અને આપેલા સાનુકૂળ સંકેતો પણ સ્વાગત યોગ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લાલ કિલ્લાની ''ગોલી સે નહીં, બોલી સે''ની તથા સદગત વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ''ઈન્સાનિયત, જમ્હૂરિયત ઔર કશ્મીરિયત''ની ભૂમિકા પર કાશ્મીર કોકડું ઉકેલવાની દિશામાં આગેકૂચ થાય એ અપેક્ષિત છે. જોકે ગૃહમંત્રી શાહ ૨૮ જૂને લોકસભામાં જમ્મૂ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસનની અવધિ છ મહિના લંબાવવા અને સરહદી પ્રદેશમાં વસતા લોકોને ૩ ટકા અનામતનો લાભ મળે એ દરખાસ્ત સાથે રાજ્યની વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંત પૂર્વે કરવાનું જાહેર કરવાની સાથે જે ઈતિહાસ-પ્રબોધને ચડી ગયા એ કાશ્મીરીઓનાં દિલ જીતવાની વાતને બદલે ચૂંટણી જીતવા ભણીનો જ આલાપ વધુ લાગ્યો. જમ્મૂ-કાશ્મીર સમસ્યા એ કંઈ હિંદુ-મુસ્લિમ સમસ્યા નથી. ૩૭૦ અને ૩૫(એ)ની પાર્શ્વભૂ પ્રજાને જણાવ્યા વિના જ પંડિત નેહરુ વિરુદ્ધ સરદાર પટેલનું બરકતવાળું રાજકારણ ખેલવામાં આવી રહ્યું છે એ માત્ર ઈતિહાસ સાથે ચેડાં કરવા સમાન છે એટલું જ નહીં પણ દેશનાં હિત માટે પણ ઘાતક છે. બહુ ઓછાને જાણ હશે કે ૩૭૦ (મુસદ્દામાં ૩૦૬-એ)ની કલમ યોગ્ય કારણસર અને દીર્ઘદ્રષ્ટિ થકી સરદાર પટેલે જ બંધારણ સભામાં મંજૂર કરાવી હતી અને ભાજપના આરાધ્યપુરુષ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી જ્યાં લગી નેહરુ સરકારમાં મંત્રી હતા ત્યાં લગી એમણે ક્યારેય તેનો વિરોધ કર્યો નહોતો! ડૉ.મુકરજીથી વિપરીત નેહરુ સરકારમાં કાયદા મંત્રી જ નહીં,બંધારણ મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે પણ ડૉ.બાબાસાહેબ આંબેડકરે સૈદ્ધાંતિક વિરોધને કારણે એ કલમ ઘડવાનો સ્પષ્ટ નન્નો ભણી દીધો હતો. નેહરુ સરકારમાં કાશ્મીર બાબતોનો હવાલો સંભાળતા મંત્રી અને અગાઉ આ રજવાડાના ''પ્રાઈમ મિનિસ્ટર'' રહેલા આયંગરે સરદાર સાહેબની નિગરાનીમાં એ ડ્રાફ્ટ કરી મંજૂર કરાવી હતી.

મહારાજાની સ્વિત્ઝરલેન્ડ કલ્પના

મહારાજા હરિ સિંહ પોતાના મુસ્લિમ બહુલ રાજ્યને અલગ સ્વિત્ઝરલેન્ડ બનાવવા માંગતા હતા ત્યારે એને ભારત સાથે જોડવાનું ભગીરથ કાર્ય મૂળ કાશ્મીરી પંડિત એવા પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ, નાયબ વડાપ્રધાન અને ગૃહ તથા રિયાસત ખાતાના પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ અને આ રજવાડાના લોકપ્રિય નેતા શેખ અબદુલ્લાના સંયુક્ત પ્રયાસોથી થયું હતું. એક તબક્કે એટલે કે ઉજૂન ૧૯૪૭ના રોજ ભાગલાની ફોર્મ્યૂલા જાહેર કરનાર વાઈસરોય માઉન્ટબેટન ૧૮-૨૨ જૂન ૧૯૪૭ દરમિયાન મહારાજાને મળવા શ્રીનગર ગયા ત્યારે તેમની સાથે તેમની વચગાળાની સરકારના ગૃહ-સભ્ય (મંત્રી) સરદાર પટેલે સંદેશ પાઠવ્યો હતો કે જમ્મૂ-કાશ્મીરને પાકિસ્તાન સાથે જોડવાનો મહારાજા નિર્ણય કરે તો પણ આઝાદ ભારતની સરકાર એ સામે વાંધો નહીં લે. એ વેળા મહારાજા દ્વિધામાં હતા. તેમના ''પ્રાઈમ મિનિસ્ટર'' રામચંદ્ર કાક અને માઉન્ટબેટન તેમને